# રાયગઢ પંથકમાં દીપડાના વાવડથી ખેડૂત અને પશુપાલકોમાં ફફડાટ...

રાયગઢ તા.૧૮

હિંમતનગર તાલુકાના રાજેન્દ્રનગર, નાદરી, પેઢમાલાની આસપાસના ગ્રામ્ય વિસ્તારોના સીમાડાઓમાં હિંસક પશુ એવા દીપડાના આગમનથી ખેડૂત વર્ગ અને પશુપાલકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. છેલ્લા કેટલાક સમયથી હિંમતનગર તાલુકાના પૂર્વપટ્ટાના ગ્રામ્ય વિસ્તારોમાં દિપડાએ દેખા દીધી હોવાના સમાચાર વાયરલ થયા બાદ તાલુકાના નાદરી, રાજેન્દ્રનગર અને પેઢમાલા સહિત ગામડામાં આ હિંસક પશુ દીપડાએ પશુઓના મારણ કરી શિકાર કરતા તેમજ કેટલાક પશુઓને ઘાયલ કરતા ખેત સીમાડામાં ખેતીકામ કરતા ખેડૂતો તેમજ તબેલા ધરાવતા પશુપાલકો આ દીપડાની રંજાડ થી ખેડૂતોને રાત્રે રાતવાસો કરી ચોકી કરવાની ફરજ પડી છે.

આ અંગે નાદરી ગામના ખેડૂતજયેશભાઈ બારોટ જણાવે છે કે હિંસક પશુ દીપડાને ઝડપી લેવા માટે રાયગઢ વનવિભાગને જાણ કરેલ છે પરંતુ વનવિભાગના



અધિકારીઓ બે જિલ્લાના સીમાનું કારણ જણાવી જવાબદારી એકબીજા પર ધોળવાના નિવેદન કરે છે ત્યારે આ કહેવાતા હિંસક પશુ ગ્રામ્ય વિસ્તારોમાં વધુ જાનહાનિ કે નુકસાન થવાની વનવિભાગે જરાય પણ ચિંતા ન રાખતા ગ્રામ્ય ખેડૂત અને પશુપાલકોમાં વિભાગના જવાબદાર અધિકારીઓ સામે રોષની લાગણી જન્મી છે. તાલુકાનો પૂર્વ પટ્ટો જંગલ વિસ્તાર સાથે જોડાયેલો હોઈ હિંસક પ્રાણીઓ શિકાર કરવા ગામડામાં આવતા હોવાની વારંવાર ઘટનાઓ બને છે ત્યારે વનખાતાની બેદરકારી અને ઢીલી નીતિ અંગે આ વિસ્તારના જાગૃત નાગરિકોએ રાજ્યના વન મંત્રીને લેખિત ધ્યાન દોરેલ છે.



મહિલા સામાજિક કાર્યકર્તા, શેરડી ખેતમજૂર અને ઈંટભટ્ટી મહિલાઓના કામગાર નેતા શ્રીમતિ જયશ્રી રાઠોડની ભારતીય જનતા પાર્ટી વિચરતી વિમુક્ત જાતિ મહિલા મોર્ચા, વિદર્ભ પ્રાંત (પૂર્વ), ના અધ્યક્ષ પદે વરણી કરવામાં આવી છે. માજી ઉર્જા મંત્રી, વિધાનસભા ના ધારાસભ્ય શ્રી ચન્દ્રશેખર બાવનકુળેના હસ્તે નિયુક્તીપત્ર આપીને તેમનો સત્કાર કરવામાં આવ્યો. આ પ્રસંગે ભાજપ મહારાષ્ટ્ર પ્રદેશ વિચરતી વિમુક્ત જાતિ મોર્ચાના ઉપાધ્યક્ષ ડૉ. રોહિત માડેવાર, વિચરતી વિમુક્ત જાતિ મહિલા મોર્ચાના સચિવ રશ્મી જાધવ, કારંજા નગર્પાલિકાના નગર સેવિકા પ્રાજક્તા વિહિતકર ઉપસ્થિત હતા. આ પ્રસંગે ડૉ. રોહિત માડેવાર, શ્રીમતિ જયશ્રી રાઠોડ, ધૂલસિંગ રાઠોડ તેઓએ વિધાનસભાના ધારાસભ્ય શ્રી ચન્દ્રશેખર બાવનકુળેનો સત્કાર કર્યો હતો. આ કાર્યક્રમમાં અર્ચના કોટેવાર (મહારાષ્ટ્ર પ્રદેશ સહ સચિવ), સીમા કશ્યપ (નાગપુર જિલ્લા ઉપાધ્યક્ષ), ઈન્દુ રાઠોડ (નાગપુર જિલ્લા સચિવ), સ્વાતી પાને (નાગપુર શહેર ઉપાધ્યક્ષ), પલ્લવી પાલ (નાગપુર શહેર ઉપાધ્યક્ષ), તેઓની વિચરતી વિમુક્ત જાતિ મહિલા મોર્ચાના પદાધિકારી તરીકે નિયુક્તી કરવામાં આવી હતી.

# સાબરકાંઠા જીલ્લા કોંગ્રેસ દ્વારા કોવિડમાં મૃત્યુ પામનાર પરિવારોને ન્યાય આપવા રજુઆત

હિંમતનગર, તા. ૮

સરકાર ની અણઘણ નીતિ અપુરતી વ્યવસ્થા દવા અને ઓક્સિજન નાં અભાવે કોરોના



કાળ માં પિડીત અને મૃત્યું પામનાર ના સ્વજનો ને મહામારી કાયદા અંતર્ગત સરકારે કોરોના પીડીત અને મૃતક પરિવારજનો ને રુપિયા ચાર લાખ આપવા જોઈએ તેવી માંગ હેઠળ કોવીડ ૧૯ ન્યાયયાત્રા દ્વારા કોરોના પીડીત પરિવારો ન્યાય મળે તે હેતુથીને કાર્યક્રમો કરી સરકારની ઊંઘ ઉડાડવાનું કામ શરૂ કરવામાં આવ્યું અંતે સુપ્રીમકોર્ટ દ્વારા સરકારને ફરજ પાડવામાં આવી ત્યારે સરકારે ચાર લાખ નાં બદલે માત્ર પચાસ હજાર ચૂકવવાનું નક્કી કર્યું.

સરકારે કેટલાયે પરિવારોને આ વળતર ચૂકવ્યું નથી ત્યારે તત્કાલ પ્રભાવથી સરકાર દરેક કોરોના પિડીત પરિવારો ને પચાસ હજાર ને બદલે રુપિયા ચારલાખચુકવે તેવી માંગણી સાથે સાબરકાંઠા જીલ્લા કોંગ્રેસ સમિતી દ્વારા આજરોજ જીલ્લા કલેક્ટરશ્રી ને આવેદપત્ર આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ગુજરાત યુવક કોંગ્રેસના પ્રમુખ વિશ્વનાથ સિંહ વાઘેલા જીલ્લા પ્રમુખ કમલેશ પટેલ પુર્વ ધારાસભ્ય મહેન્દ્ર સિંહ બરૈયા મહીલા પ્રમુખ જયોતિબેન દવે તાલુકા પ્રમુખ રાજેન્દ્રસિંહ ઝાલા શેહેર પ્રમુખ પ્રિયવદન પટેલ રતનબેન સુતરીયા સુરેશ પટેલ બળવંતસિંહ દેવડા ચંદ્રસિંહ ઝાલા જીલ્લા પંચાયત વિરોધપક્ષ નાં નેતા પ્રભાતસિંહ અશોક પટેલ દેવપટેલ રણજીતસિંહ સોલંકી હુસેન દીવાન યુસુફભાઈ બચ્ચા તાલુકાપંચાયત .જીલ્લા પંચાયત. નગરપાલિકા સદસ્યો વીગેરે કોંગ્રેસ નાં હોદ્દેદારો અને કાર્યકરો ખુબજ મોટી સંખ્યામાં ઉપસ્થીત રહ્યા હતા

# ડીસામાં આસ્થાના પ્રતીક સમા માં ખોડિયાર માતાજીની જન્મજયંતિ ધામધૂમથી ઉજવાઈ





ડીસા,તા. ૮

મહા સુદ આઠમ એટલે ખોડિયાર માતાજીની જન્મજયંતિ રાજ્યભરના ખોડિયાર ધામોમાં માં ખોડિયાર માતાજીની જન્મજયંતિ ધામધૂમથી ઉજવવામાં આવે છે ત્યારે આજે મહા સુદ આઠમ એટલે ખોડિયાર માતાજીની જન્મજયંતિ નિમિત્તે બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક તરીકે ઓળખાતા ડીસા શહેરમાં સરદાર બાગ પાસે આવેલા ખોડિયાર માતાજીનાં મંદિરે પણ દર વર્ષની જેમ આ વર્ષે પણ આસ્થાના પ્રતીક સમા માં ખોડિયાર માતાજીની જન્મજયંતિ ધામધૂમથી ઉજવવામાં આવી રહ્યો છે ત્યારે આજે ડીસા શહેરમાં છેલ્લા ૩૫ વર્ષથી સાંઇ બાબા વિસ્તારમાં આવેલ ખોડિયાર માતાજીનાં મંદિરે માઈ ભકતો દ્વારા આજે માં ખોડિયાર માતાજીની જન્મજયંતિ નિમિત્તે વહેલી સવારે માતાજીના મંદિરે ધજા ચડાવીને આરતી સાથે પૂજા કરીને મહાપ્રસાદીનો ભોગ ધરાવીને મહાપ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. કોરોના મહામારીના કારણે ગયા વર્ષે અંદાજીત ૫૧ કિલોનો મહાપ્રસાદ માઇ ભકતો દ્વારા બનાવવામાં આવ્યો હતો ત્યારે આ વર્ષે પણ સંભવિત કોરોનાની ત્રીજી લહેરના કારણે સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી કોરોના ગાઈડ લાઈન મુજબ માઈ ભકતો દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું આ વર્ષે મહા સુદ આઠમના દિવસે ખોડિયાર જન્મ જયંતી નિમિત્તે શાનદાર ઉજવણી કરવામાં આવી હતી અને સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી કોરોના ગાઈડ લાઈનનુ પાલન કરી માસ્ક ફરજિયાત સાથે સોશ્યલ ડિસ્ટન્સ સાથે માઈ ભકતો દર્શન માટેની વ્યવસ્થા અને મહાપ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં માઈ ભકતો એ માં ખોડિયાર માતાજીનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# બીલ ન ભરતાં ફોનનું જોડાણ કપાયું : અરવલ્લી ડી.ઈ.ઓ. કચેરીનો ફોન ૨ મહિનાથી મૌન

## બીલ ભર્યું પરંતુ ફોન એક્ટિવ કરવાની દરખાસ્ત કરી નથી..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

જિલ્લાની ૨૦૦ થી વધુ શાળાઓના વહીવટનું સંચાલન કરતી અરવલ્લી ડી.ઈ.ઓ. ક્વેરીનો લેન્ડલાઈન ફોન છેલ્લા ૨ મહિનાથી બંધ છે. બીલ ન ભરતાં અગાઉ ફોનનું જોડાણ કપાયું હતું. માંડ બીલ ભર્યું પરંતુ ફોન એક્ટિવ કરવાની દરખાસ્ત ન કરતાં આજની તારીખે પણ ઘેરીનો ફોન બંધ હોવાનું વિભાગના સૂત્રોએ જણાવ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર આગામી માર્ચ મહિનામાં ધો.૧૦-૧૨ બોર્ડની પરીક્ષા યોજાવવાની છે તે પૂર્વે રાજ્ય સરકારના વિવિધ વિભાગ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાના આયોજન કરવામાં આવ્યા છે અને તેનું આયોજન જે તે જિલ્લાની ડી.ઈ.ઓ. કચેરી દ્વારા કરવામાં આવે છે. પરંતુ અરવલ્લી ડી.ઈ.ઓ. કચેરીમાં વહીવટમાં ખાટલે ખોડ હોય તે રીતે છેલ્લા કેટલાય સમયથી કચેરીનો લેન્ડલાઈન ફોન નં.૨૫૦૧૯૦ બંધ હોવાથી કર્મચારીઓ તેમજ અરજદારોને કોનો સંપર્ક કરવો..?? તેવી સ્થિતિ આવી પડી છે. દર મહિને કર્મચારીઓને રુ ૨ કરોડથી પણ વધુનો પગાર ચૂકવતી ક્વેરી પાસે ટેલિફોન બીલના પૈસા ભરવાની સગવડ ન હોય તેવી હકીક્ત સામે આવી છે. કચેરીનો ફોન લાંબા સમયથી બંધ છે અને બહાર આવેલી વિગતો અનુસાર બાકી નિકળતું બીલ ન ભરતાં રીમાઈન્ડર કરવામાં આવ્યું હતું અને બીલ ભરવામાં કચેરી નિષ્ફળ જતાં તેનું જોડાણ બંધ કરવામાં આવ્યું. બાકી નિકળતું બીલ તા.૧૫ ડિસેમ્બર-૨૦૨૧ ના રોજ ભરવામાં આવ્યું પરંતુ ડી.ઈ.ઓ. ક્વેરીને લેન્ડલાઈન ફોન ચાલુ થાય તેમાં રસ ન હોય તે રીતે આજદિન સુધી બંધ ફોન ચાલુ કરવા માટે ભારત દૂરસંચાર નિગમની મોડાસા કચેરીને કોઈ અરજી આપવામાં આવી નથી.

### બીલ ભરાયું પરંતુ ફોન એક્ટિવ માટે અરજી આવી નથી...

જૂનિયર ટેલિકોમ ઈજનેર પ્રદિપ દવેએ જણાવ્યું કે ડી.ઈ.ઓ. કચેરીએ બીલ ન ભરતાં ફોનનું જોડાણ રદ કરવામાં આવ્યું હતું. ગત ડિસેમ્બરમાં બાકી બીલ ભરાયું પરંતુ ફોન એક્ટિવ માટેની અરજી આવી ન હોવાથી હજુ સુધી ક્યૂરીનો ફોન ચાલુ કરાયો નથી.

## ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આયોજીત

# બિનસચિવાલય કલાર્ક અને સચિવાલયના ઓફિસ આસિસ્ટન્ટ વર્ગ-૩ની સ્પર્ધાત્મક પરીક્ષા

### ઉમેદવારો ખાસ નોંધી લે : પરીક્ષા કેન્દ્ર ખાતે બપોરના ૧૨ વાગ્યા પછી કોઇ પણ સંજોગોમાં પ્રવેશ મળશે નહી

બાયડ, તા.૮

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આયોજીત બિનસચિવાલય કલાર્ક અને



સચિવાલયના ઓફિસ આસિસ્ટન્ટ વર્ગ-૩ ની સ્પર્ધાત્મક પરીક્ષા અરવલ્લી જિલ્લાના ૦૬ તાલુકાના ૬૦ પરીક્ષા કેન્દ્રો ખાતે આગામી તા. ૧૩ ફેબ્રુઆરી, રવિવારે યોજાશે. આ પરીક્ષામાં ૩૧ હજારથી વધુ પરીક્ષાર્થીઓ ભાગ લેશે.

કલેક્ટર ડો. નરેન્દ્ર કુમાર મીનાએ આ સંદર્ભે પરીક્ષાર્થીઓને ખાસ જણાવ્યું છે કે, તેઓ પરીક્ષા સ્થળે નિયત સમયે પહોંચી જાય. કોઈ પણ ઉમેદવારને બપોરના ૧૨ વાગ્યા પછી કોઈ પણ સંજોગોમાં પ્રવેશ આપવામાં આવશે નહી. ઉમેદવારોને પરીક્ષાના નિયત સમય પહેલા એટલે કે, ૧૧ વાગે પરીક્ષાખંડમાં પ્રવેશ આપવામાં આવશે. આ અંગે ગાંધીનગર ખાતેથી યોજાયેલી આજે વિડિયો કોન્ફરન્સમાં કલેકટર ડો.નરેન્દ્રકુમાર મીના, નિવાસી અધિક કલેકટર શ્રી એન.ડી.પરમાર, નાયબ પોલીસ અધિક્ષકશ્રી જિલ્લા શિક્ષણાધિકારી શ્રી ગાયત્રીબેન પટેલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, એસટી વિભાગના અધિકારીશ્રી, યુજીવીસીએલના અધિકારીશ્રી અને માર્ગ અને મકાન વિભાગના અધિકારીશ્રી સહિતના અધિકારીઓ સહભાગી થયા હતા.

# ખોરાક અને ઔષધ નિયમન તંત્ર હિમતનગર અને અરવલ્લીની કાર્યવાહી

બાયડ તા.૮

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લા ના ખોરાક અને ઔષધ નિયમન હિમતનગર ના ડિસેમ્બર અને જાન્યુઆરી જિલ્લા માં ભેળસેળ પકડવા પડેલા દરોડા અને



લીધેલ નમૂના ની સંખ્યા સામેલ છે જેમાં ૬ ફૂડ સેફટી ઓફિસર અને એક સિનિયર ફૂડ સેફટી ઓફિસર સામેલ હતા

નમૂના પરીક્ષણ માટે ગુજરાત રાજયની ફૂડ લેબોરેટરી માં મોકલવા માં આવ્યા પરિણામ આવ્યા બાદ આગળ ની કાર્યવાહી હાથ ધરવા માં આવશે.

# કડા ખાતે શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજનો સમુહ લગ્નોત્સવ યોજાયો

પ્રાંતિજ તા.૮

શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમુહ લગ્નોત્સવ સમિતિ આયોજિત સમુહ લગ્ન તથા ઉપનયન સંસ્કાર વિધિ કાર્યક્રમ યોજાયો હતો જેમા ૩૭ બટુકોએ શાસ્ત્રોક્ત વિધિ મુજબ જનોઈ ધારણ કરી હતી તો ૧૮ દંપતીઓએ પ્રભુતા મા પગલા પાડયા હતા. મહેસાણા જિલ્લા ના વિજાપુર તાલુકાના માણેકપુરા પાટીયા પાસે આવેલ શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજ સંચાલિત શ્રી શિવ શક્તિ સેવા મંડળ , મુંબઈ કમુબા સંકુલ તપોધન ભૂમિ ખાતે કમુબા સંકુલ સમુહ લગ્નોત્સવ સમિતિ દ્વારા શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજ આયોજિત ૨૯ મો સમુહ લગ્નોત્સવ તથા યજ્ઞોપવીત સંસ્કાર સમારોહ યોજાયો હતો જેમા હાલ ચાલી રહેલ કોરો નાની ગાઇડ લાઇન





મુજબ લિમિટેડ સંખ્યામા સમુહ લગ્નોત્સવ નુ આયોજન સમુહ લગ્નોત્સવ સમિતિ દ્વારા આયોજન કરવામા આવ્યુ હતુ જેમા ત્રણ પાટ પાડવામા આવ્યા હતા જેમા તારીખ ૬।૨।૨૦૨૨ ને રવિવાર નારોજ સમાજ સંકુલ ખાતે ઉપનયન સંસ્કાર વિધિ નો કાર્યક્રમ યોજાયો હતો જેમા શ્રી બાવીસ ગામોમાંથી ૩૭ બટુકોએ શાસ્ત્રોક્ત વિધિ જનોઈ ધારણ કરી હતી તો ૭।૨।૨૦૨૨ ને સોમવાર ના રોજ કોરોના ની ગાઈડ લાઈન મુજબ સવાર-સાંજ બે પાટ એમ નવ-નવ બે ભાગ મા સમુહ લગ્ન યોજાયા હતા જેમા સવારે નવ દંપતીઓએ પ્રભુતા મા પગલા પાડયા હતા અને સાજે નવ દંપતીઓએ પ્રભુતા મા પગલા પાડયા હતા જેમા ભોજન ના દાતા સ્વ.લીલાવતી બેન ગંગારામ કુબેરદાસ રાવલ પરિવાર શાહપુર વડ જયારે સમગ્ર સમુહ લગ્નોત્સવ તથા યજ્ઞોપવીત સંસ્કાર સમારોહ નુ આયોજન કમુબા સંકુલ સમુહ લગ્નોત્સવ સમિતિ શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજ ના રાવલ શૈલેષભાઈ લક્ષ્મણદાસ, રાવલ વિનુભાઈ છોટાલાલ, રાવલ હસમુખભાઈ કાન્તીલાલ, રાવલ નર્મદભાઈ અંબાલાલ, રાવલ મહેશભાઈ ગણપતરામ, રાવલ રવિભાઈ અંબાલાલ, રાવલ દિલીપભાઈ ચંદુલાલ, રાવલ હિતેન્દ્રભાઈ હરગોવિંદદાસ દ્વારા કરવામા આવ્યુ હતુ તો સમાજ ના લોકોએ પણ સરકાર ની કોરોનાની ગાઈડ લાઈન મુજબ સમુહ લગ્નોત્સવ મા જોડાયા હતા તો સમુહ લગ્નોત્સવ સમિતિ દ્વારા ગાઈડ લાઈન મુજબ સમુહ લગ્નો યોજાયા હતા તો સમુહ લગ્નોત્સવ સમિતિ દ્વારા સમાજ ના લોકો નો સાથ સહકાર મળી રહેતા લોકોનો આભાર વ્યક્ત કર્યો


## જન્મદિને વધામણી



રિંકુબેન ઉત્પલભાઈ પટેલ
ધનસુરા

## ટચુકડી જાહેર ખબર

દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

રક્તદાન મહાદાન


# ડીસાના શ્યામ બંગલો ખાતે રોડનું ધારાસભ્યના હસ્તે ખાતમુહૂર્ત

ડીસા,તા. ૮

ડીસા શહેરને સ્માર્ટ સીટી બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે જેમાં શહેરી વિકાસ નિર્માણ અંતર્ગત વિકાસના કામો માટે ડીસા પાલિકાના જાગૃત અને ઉત્સાહી પ્રમુખ રાજુભાઈ ઠક્કર દ્વારા શહેરના ૧૧ જેટલા વોર્ડમાં ૫૬ જેટલા રોડ બનાવવા માટે ગ્રાન્ટ ફાળવાઈ છે ત્યારે શનિવારે હાઈવે સ્થિત શ્યામ બંગલો ખાતે ડીસાના ધારાસભ્ય શશીકાંતભાઈ પંડયાના હસ્તે ચાર રોડનું ખાત મુહૂર્ત કરવામાં આવ્યું હતું. જે પ્રસંગે પાલિકાના જાગૃત પ્રમુખ રાજુભાઈ ઠક્કર, શહેર ભાજપ પ્રમુખ પ્રતીક પઢીયાર, મહામંત્રી હકમાજી જોશી, આપના વિજયભાઈ દવે સહિત ભાજપના નગર સેવકો સહિત સ્થાનિક રહીશો ઉપસ્થિત રહ્યા હતા.

## દુઃખદ અવસાન



બાયડ : ધનસુરા તાલુકાના આકરૂન્દ ગામના કિરીટભાઈ (લાલાભાઈ) પટેલના પિતા કોદરભાઈ દેવકરણભાઈ પટેલનું નિધન થતાં સ્વર્ગસ્થની અંતિમ યાત્રામાં અનેક લોકો જોડાયા હતા.



બાયડ : બાયડના રાકેશકુમાર (લાલાભાઈ) બારોટના પિતા રતિભાઈ મોતીભાઈ બારોટનું વસંતપંચમીના દિવસે નિધન થયેલ છે. સ્વર્ગસ્થની અંતિમ યાત્રામાં અનેક લોકો જોડાયા હતા. સ્વર્ગસ્થનું બેસણું તા.૧૧ ફેબ્રુઆરી, શુક્રવારે સવારે ૧૦-૦૦ થી ૪-૦૦ તેમના નિવાસસ્થાન બી-૩૩, વૃન્દાવન સોસાયટી, ગાયત્રી મંદિર નજીક, બાયડ ખાતે રાખેલ છે.